# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-02-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાણંદમાં માઇક્રોનના સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ, માર્કિંગ અને પેકેજિંગ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું.
2. પ્રધાનમંત્રીએ કહ્યું સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેર તરફ આગળ વધ્યું
3. વિધાનસભામાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અંતિમ દિવસે નાણા મંત્રીએ રાજ્યની આર્થિક સ્થિતિનું ચિત્ર રજૂ કર્યું
4. સર્વાઇકલ કેન્સર સામેના રસીકરણ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ
5. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ સૂર્યકાંતની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે GNLUનો 16મો પદવીદાન સમારોહ યોજાયો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV. PM-GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાણંદમાં માઇક્રોન સેમિકન્ડક્ટર ટેકનોલોજી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડની સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ અને પેકેજિંગ- ATMP સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. જે દેશની સેમિકન્ડક્ટર ઉત્પાદન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ ATMP સુવિધામાંથી પ્રથમ ભારતમાં બનેલા સેમિકન્ડક્ટર મેમરી મોડ્યુલ્સનું વાણિજ્યિક ઉત્પાદન અને શિપમેન્ટ શરૂ થશે. આ પ્રસંગે સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે માઇક્રોચિપ આ સદીનું નિયમનકાર બનશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ઐતિહાસિક દિવસ ટેકનોલોજી નેતૃત્વ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુરાવો છે, જે મુખ્યત્વે સોફ્ટવેર માટે જાણીતા બનવાથી હવે હાર્ડવેર અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓની દુનિયામાં પ્રવેશ કરવા તરફ એક પરિવર્તન દર્શાવે છે.

(BYTE : PM-ON-SEMICONDUCTIRE)

શ્રી મોદીએ જણાવ્યું, સેમિકન્ડક્ટર મિશનના બીજા તબક્કા હેઠળ દસ મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

(BYTE : PM-SEMICON-PROJECTS-GUJARAT)

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ પ્રસંગને ઐતિહાસિક ગણાવ્યો અને કહ્યું કે ભારતમાં ડિઝાઇન કરાયેલી ચિપ્સ હવે ભારતમાં બનાવવામાં આવશે.

(BYTE- ASHWINI VAISHNAV, CABINET MINISTER)

કુલ 22 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથેનો, આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલ પ્રથમ દરખાસ્ત રજૂ કરે છે. આ પ્રોજેક્ટનું સપ્ટેમ્બર 2023 માં જ તેનું ભૂમિપૂજન કરાયું હતું, હવે વિશ્વભરના બજારો માટે અદ્યતન DRAM અને NAND વેફર્સને ફિનિશ્ડ ઉત્પાદનોમાં રૂપાંતરિત કરશે. આ સુવિધાનું મુખ્ય આકર્ષણ તેની લગભગ 5

લાખ  ચોરસ ફૂટ ક્લીનરૂમ જગ્યા છે, જે તેને વિશ્વના સૌથી મોટા રેઇઝ્ડ-ફ્લોર ક્લીનરૂમમાં સ્થાન આપે છે.

----------

## VIDHANSABHA BUDGET

છેલ્લા બે દાયકામાં રાષ્ટ્રીય GDPમાં ગુજરાતનું યોગદાન વધીને 8.3 ટકા થયું છે. વિધાનસભામાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અંતિમ દિવસે નાણા મંત્રી કનુ દેસાઈએ આજે રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને નાણાકીય શિસ્તનું ચિત્ર રજૂ કર્યું. તેમણે કહ્યું, રાજ્યનો સરેરાશ વિકાસ દર પણ છેલ્લા 10 વર્ષમાં 11.4 ટકા રહ્યો છે, પરિણામે ગુજરાતની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતા 60 ટકાથી વધુ નોંધાઈ છે.

શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વિશેષ ભાર મૂકીને 'જનજાતિય કલ્યાણ યોજના' અંતર્ગત આગામી પાંચ વર્ષમાં બે લાખ કરોડ રૂપિયાના વિકાસ કામો હાથ ધરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

----------

# REV. PM RAJASTHAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના અજમેરથી 14 વર્ષની ઉંમરની દીકરીઓ માટે હ્યુમન પેપિલોમાવાયરસ HPV રસીકરણ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો. આ પહેલનો હેતુ સર્વાઇકલ કેન્સરને રોકવાનો છે, જે સ્ત્રીઓમાં કેન્સર સંબંધિત બીમારીના મુખ્ય કારણોમાંનું એક છે.

દેશભરની દીકરીઓ અને મહિલાઓના લાંબા ગાળાના આરોગ્યને સુરક્ષિત રાખવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં પાંચ દીકરીઓને HPV રસી આપીને આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

## BOTAD -NIMUBEN BAMBHNIYA

બોટાદ શહેરના ખસ રોડ પર રૂપિયા 4 કરોડના ખર્ચે નિર્માણ પામનાર ડો. આંબેડકર ભવનનું ખાતમુહૂર્ત કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

ભવનનો મુખ્ય હેતુ શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સુવિધાસભર સ્થળ ઉપલબ્ધ કરાવવાનો છે. વિદ્યાર્થીઓ, યુવાનો અને વિવિધ સમાજિક સંસ્થાઓ માટે આ ભવન કેન્દ્રબિંદુ સાબિત થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## GUJARAT HPV VACCINATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતેથી નિ:શુલ્ક HPV રસીકરણ મહાઅભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસરિયાએ રાજ્યવ્યાપી HPV રસીકરણ અભિયાનમાં ભાગ લેવા અનુરોધ કર્યો.

આ અભિયાન અંતર્ગત સર્વાઇકલ કેન્સરની અટકાયત માટે 14 વર્ષ પૂર્ણ કરેલી અને 15મો જન્મદિવસ બાકી હોય તેવી રાજ્યની અંદાજે 5 લાખ 50 હજાર કિશોરીઓને વિનામૂલ્યે રસી અપાશે. દરમિયાન ભરૂચ જિલ્લામાં આ રસીકરણ અભિયાનની શરૂઆત થઈ. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી એચ એસ પટેલે વધુ માહિતી આપી.

**(BYTE-H.S.PATEL, Dist.Health Officer, Bharuch)**

----------

## HC ARBITRATION CENTRE

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ સૂર્યકાંત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે ગુજરાત વડી અદાલતના નવા સ્ટેટ-ઓફ-ધ-આર્ટ આર્બિટ્રેશન સેન્ટરનું ખાતમુહૂર્ત કરાયું. આ અવસરે સંસ્થાકીય આર્બિટ્રેશનના પડકારો અને ભાવિ દિશા- વિષય પર બે દિવસની પરિષદનો

પણ પ્રારંભ કરાયો. ઉપરાંત લવાદ કેન્દ્રની નવી વેબસાઈટ અને ન્યૂઝલેટરનું પણ વિમોચન કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, ગુજરાત હાઇકોર્ટનું લવાદ કેન્દ્ર તેમજ પરિષદ નાગરિકોની ફરિયાદો અને સમસ્યાઓના નિરાકરણ માટેનો એક નવો રોડમેપ તૈયાર કરશે.

**(BYTE- B.PATEL, CM ON ARBITRATION CENTRE)**

શ્રી સૂર્યકાંતે જણાવ્યું, લવાદ ક્ષેત્રે નવીન સુવિધાઓથી ભારતની લવાદ વ્યવસ્થા વધુ સક્ષમ, ભરોસાપાત્ર અને આધુનિક બનશે.

----------

## GNLU CONVOCATION

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ સૂર્યકાંતની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ગુજરાત રાષ્ટ્રીય કાયદા વિશ્વવિદ્યાલય-GNLUનો આજે 16મો પદવીદાન સમારોહ યોજાયો. આ પ્રસંગે વર્ષ 2025ની બેચના કુલ 295 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી જેમાં 12 પીએચડી, 194 સ્નાતક અને 89 કાયદામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. મેરિટ ધરાવતા વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ 40 સુવર્ણ ચંદ્રકો પણ એનાયત કરાયા.

----------

## MEHSANA – HOLI SOP

હોળી ધુળેટીના પર્વને લઈ મહેસાણા મહાનગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા અને જાહેર મિલકતોની જાળવણી માટે પ્રથમવાર હોલિકા દહન માટે વિશેષ એસ ઓ પી તૈયાર કરવામાં આવી છે, જેથી કોઈ પણ સાર્વજનિક સ્થળે હોળી પ્રગટાવવા માટે આયોજકોએ ફરજિયાત પણે ઓનલાઈન મંજૂરી લેવી પડશે, અને નિયમોનું ચુસ્ત પાલન કરવું પડશે.

ડામર કે સિમેન્ટના રોડને નુકશાન ન થાય તે માટે મહત્વની શરતોનું પાલન કરવું પડશે. જાહેર રસ્તાઓ ઉપર હોલિકા દહન ન કરવું. દહન માટે મહત્તમ 3 મીટરનો વિસ્તાર રાખવો 5 મીટર સુધીનો વિસ્તાર સુરક્ષિત જાળવવો. પરવાનગી વિના હોલિકા દહન કરવું એ કાયદેસરનો ગુનો ગણાશે.

----------

## BHUJ -RAJYPAL

ભુજમાં "પ્રાકૃતિક ખેતી માટે પડકારો અને તકો" વિષય પર આયોજિત બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો હતો.

નીતિ આયોગના 'સ્ટેટ સપોર્ટ મિશન' અંતર્ગત અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે ભુજમાં શ્રી મુક્તજીવન સ્વામીબાપા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 28 ફેબ્રુઆરીથી 1 માર્ચ, 2026 સુધી રાજ્યપાલે વૈજ્ઞાનિકો અને ખેડૂતોને સંબોધન કરતાં પ્રાકૃતિક ખેતી અપનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

વધુમાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી હવે સમયની અનિવાર્ય માંગ બની ગઈ છે. માનવ જીવનને સુરક્ષિત રાખવા અને ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક

સમસ્યાઓનો પડકાર કરવા પ્રાકૃતિક ખેતી અસરકારક વિકલ્પ છે. ગુજરાતમાં ૪ લાખ ખેડૂતો રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે. પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોને અનુસરીને જ પ્રાકૃતિક ખેતી કરવા રાજ્યપાલે ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

----------

## DANG -DARBAR

ડાંગ જિલ્લાના પોતીકા ઉત્સવ 'ડાંગ દરબાર'ના પ્રારંભ સાથે ઐતિહાસિક લોકમેળામાં ડાંગ ઉપરાંત મહારાષ્ટ્ર અને નજીકના જિલ્લાના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ‘ડાંગ દરબાર’ના આ ઐતિહાસિક લોકમેળામાં ૪૫ થી વધુ સ્થાનિક સખી મંડળના સ્ટોલ તથા બહારના ૯૫૦ થી વધુ વેપારીઓને પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. આ પ્રયાસો દ્વારા મહિલાઓને આત્મનિર્ભર અને સશક્ત બનાવવા સાથે પૂરતી રોજગારી પૂરી પાડવાનો ઉમદા હેતુ રાખવામાં આવ્યો છે.

----------